ૐ

|| ૐ શ્રી નિષ્કલંકી નારાયણાય નમઃ ||



સત્પંથ ધર્મ જ્ઞાન દીપ

॥ ૐ શ્રી નિષ્કલંકી નારાયણાય નમઃ ॥



સત્પંથ ધર્મ જ્ઞાન દીપ



॥ ૐ શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાન ॥

॥ ૐ શ્રી નિષ્કલંકી નારાયણાય નમઃ ॥

સત્પંથ ધર્મ જ્ઞાન દીપ

વર્ષ - ૨૦૧૬


કિંમત : રૂા. ૫/-

:- પ્રકાશક -:

સત્પંથ પ્રકાશન સમિતિ

પ્રેરણાપીઠ, પીરાણા, તા. દસક્રોઈ,

જી. અમદાવાદ-૩૮૨૪૨૫



આશીર્વાદ.....

સત્પંથ પ્રકાશન સમિતિ દ્વારા રચિત આ લઘુ સાહિત્ય કૃતિ સાચા અર્થમાં સત્પંથ જ્ઞાન અને પ્રકાશ માટે દીવાદાંડી સ્વરૂપ બની રહેશે. આ પુસ્તિકામાં સત્પંથ ધર્મના ભૂલાઈ-વિસરાઈ જતા જ્ઞાનને આપે જાગૃત અવસ્થામાં મૂક્યું છે.

પરમાત્મા સત્ય છે, આત્મા સત્ય છે ત્યારે સત્યથી જ સત્યનો માર્ગ દર્શાવવા આવાં સાહિત્યોની જરૂર પડે છે. આધ્યાત્મિક અને સાત્ત્વિક જીવન શૈલી વિકસાવવા માટે આવાં સાહિત્યો સહાય રૂપ જ નહીં પણ એક સીડી બની મુમુક્ષજનને આધ્યાત્મિક માર્ગે જવા દિશાસૂચક બની રહેશે, ત્યારે આ પુસ્તિકાની રચના માટેનો પ્રયત્ન ખરેખર પ્રશંસનીય છે. આ અમૂલ્ય પુસ્તિકાના પ્રકાશન માટે સત્પંથ પ્રકાશન સમિતિને ખૂબ ખૂબ અભિનંદન સહ આશીર્વાદ....

સહૃદયી

પ.પૂ. જગદ્ગુરુ સત્પંથાચાર્ય શ્રી નાનકદાસજી મહારાજ

પ્રેરણાપીઠ તીર્થધામ - પીરાણા, તા. દસક્રોઈ, જી. અમદાવાદ

સત્પંથ સ્વરૂપ

(૧) દૃઢ નિશ્ચય (૨) પ્રતિજ્ઞા (૩) નિયમ

(૧) દૃઢ નિશ્ચય : (અ) સત્ય (આ) પુરુષાર્થ (ઇ) પ્રેમ (ઈ) સમાનભાવ (ઉ) અહિંસા (ઊ) પરોપકાર (એ) ક્ષમા

ઉપરના તત્ત્વોનું પાલન દૃઢ નિશ્ચયથી કરવું.

(અ) **સત્ય :** બોલવા અને આચરણમાં હંમેશાં સત્ય અને નિષ્કપટ બુદ્ધિ અને મૃદુવાણીનું અવલંબન કરવું.

(આ) **પુરુષાર્થ : ધર્મ, અર્થ, કામ અને મોક્ષ.**

(૧) ધર્મ : વેદોક્ત માર્ગનું પ્રેમથી આચરણ કરવું.

(૨) અર્થ : જાત મહેનત અને પ્રમાણિકતાથી ધન મેળવવું. આ સાત્ત્વિક સંપત્તિ કહેવાય, પણ અન્યાય, જુલમ કે ખોટા માર્ગે મેળવેલી સંપત્તિનો ઉપભોગ કરનાર માણસ હીન બને છે. તેથી ન્યાય અને નીતિના માર્ગેથી જ ધન મેળવવું.

(૩) કામ : વિષય સેવન કે ઈંદ્રિયોના ક્ષણિક ઉપયોગમાં ભેરવાઈ ન રહેવું. વાસનાઓ જીતી ઈન્દ્રિયો ઉપર કાબૂ મેળવવો.

(૪) મોક્ષ : વેદ વિહિત મુક્તિ માર્ગની સાધના મુજબ વર્તન રાખી મુક્તિનું અંતિમ ધ્યેય પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ રહેવું. એમ કરવામાં આવશે તો જ માનવ જન્મ સાર્થક થશે, અન્યથા માનવ અને પશુમાં ફરક નહીં રહે.

(ઇ) **પ્રેમ :** કોઈના પ્રત્યે દ્વેષ, તિરસ્કાર કે અદેખાઈ ન રાખતાં, એકબીજા પ્રત્યે પ્રેમભાવથી રહેવું. દોષો તરફ ન જોતાં ગુણ ગ્રહણ કરી પ્રેમથી રહેવું.

(ઈ) **સમાન ભાવ :** આપણામાં અને બીજામાં રહેલો આત્મા એક જ છે, એવી આત્મૌપમ્ય બુદ્ધિ રાખવી. આપણે બધા એક ઈશ્વરનાં બાળકો છીએ. કોઈ નાનું મોટું નથી એ દૃષ્ટિથી બધા સાથે બંધુત્વ ભાવથી રહેવું.

(ઉ) **અહિંસા :** સત્પંથ માર્ગમાં અહિંસા એ એક મહાન તત્ત્વ છે. પશુ પક્ષી કે અન્ય પ્રાણીને મારવાથી જ હિંસા થાય છે તેમ જ વાણીથી 'માર' ! એટલું કહેવાથી કે લાગણી દુભાવવાથી પણ હિંસા થાય છે. એથી નૈતિક અધઃપતન થાય છે.

(ઊ) **પરોપકાર :** સન્માર્ગે જનારા પ્રત્યેકને મદદ આપવા હંમેશાં તૈયાર રહેવું. શુદ્ધ બુદ્ધિથી અને નિષ્કામભાવથી દુઃખીજનોની સેવા કરવી અને દરેકના કલ્યાણની ભાવના રાખવી તેમજ સત્પુરુષોની સેવા કરવી.

(એ) **ક્ષમા :** આપણને દુઃખ કે કષ્ટ આપનારને ક્ષમા આપવી એ આપણી ફરજ છે.

(૨) **<u>પ્રતિજ્ઞા</u> :**

(અ) સત્‌પંથની દરેક પ્રતિજ્ઞાનું પાલન કરવું, સદ્‌ગુરુશ્રી ઈમામશાહ મહારાજે વ્યવહાર, કર્તવ્યપાલન અને ધર્મકાર્યમાં કેવી રીતે આચરણ રાખવું તે સંબંધે કરેલા નિયમોનું પાલન કરવું.

(આ) **બાળકોને સત્‌પંથ ધર્મની શિખામણ આપવી :** પોતાનાં સંતાનોને બાળપણથી જ ધર્મ શિક્ષણ આપવામાં આવશે તો જ સંસ્કૃતિ ટકશે.

(ઈ) **અંધશ્રદ્ધાનો ત્યાગ અને જ્ઞાન દૃષ્ટિનું અવલંબન :** અજ્ઞાન કે અંધશ્રદ્ધાથી રહેવામાં ખતરો છે. તેથી વેદ, ઉપનિષદો વગેરે સત્‌શાસ્ત્રો ઉપર તેમજ સદ્‌ગુરુ વચન ઉપર દૃઢ શ્રદ્ધા અને નિષ્ઠા રાખવી.

(૩) **<u>નિયમ</u> :**

(અ) શરીર શુદ્ધિ (આ) હૃદય શુદ્ધિ (ઇ) વ્રત (ઈ) ઉપાસના (ઉ) ધ્યેય

(અ) શરીર શુદ્ધિ : <u>લાઈસૂતક વૃદ્ધિ-જનન શૌચ :</u> સ્ત્રી, પ્રસૂત થયા પછી સ્ત્રીએ તથા પરિવારે સવા મહિનો એટલે ૪૦ દિવસ અને ગોત્રજોએ ૧૧ દિવસ સુધી સૂતક પાળવું. <u>મરણ સૂતકઃ</u> મરણ પ્રસંગે પરિવારે

(ગોત્રજોએ) ૭ દિવસ સુધી સૂતક પાળવું, પરિવારે સાતમે દિવસે સૂતક ઉતરાવવું, આઠમે દિવસે પૂજા કરવી, સૂતક ઉતરાવ્યા પછી દેવદર્શને જઈ શકાય. સૂતક ઉતરાવ્યા પછી ઘરને મુખી દ્વારા ધૂપ-દીપથી પવિત્ર કરાવવાં. રજસ્વલા-સ્ત્રીઓ ૪ દિવસ (૭૨ કલાક) સુધી કોઈને સ્પર્શ કરવો નહીં. પછી સાતમા દિવસે લાઈસૂતક ઉતરાવવું. સ્નાન શૌચાદિ બાબતોમાં શાસ્ત્ર મુજબ વર્તાવું અને સદ્ગુરુ વચન મુજબ ચરણામૃતથી તથા તીર્થમંત્રોપચારાદિથી શુદ્ધ થવું.

(આ) હૃદય શુદ્ધિ : અમલી (કેફી) પદાર્થો એટલે કે લસણ, ડુંગળી, હિંગ, તમાકુ, અફીણ, ગાંજો, ભાંગ, તાડી, માંસ-મદિરા વગેરે નિષિદ્ધ વસ્તુઓનો ત્યાગ કરવો. કારણ કે આ પદાર્થોના સેવનથી માણસને નુકસાન થાય છે અને પ્રભુ ભજનથી પરાવૃત થવાય છે. વ્યાજ, સવાઈ વ્યાજ અને પરસ્ત્રીગમન - ચિંતનથી પણ મનુષ્યને હીનતા આવે છે. માણસ આત્મચિંતનથી દૂર રહે છે અને આસુરી સંપત્તિ વધે છે. આ મહાપાપમાંથી મનુષ્યનું અધઃપતન થાય છે, તેથી વેદમાં નિષેધ કરેલ વસ્તુઓનો ત્યાગ કરી સાત્ત્વિક પદાર્થોનું સેવન કરવું. આથી હૃદય શુદ્ધિ થાય છે. મન પ્રભુ ભજનમાં તલ્લીન થાય છે. દૈવી સંપત્તિ વધે છે.

(ઇ) વ્રત : યુગ ધર્મ મુજબ દરેક મહિનાની સુદી બીજનું વ્રત કરવું, તેમજ થાવર બીજનું મહાવ્રત કરવું. તેમજ દશાંશ સુક્રિત, પુણ્યતિથિ, શ્રાદ્ધ, ઉત્તર કાર્ય, પિંડ શ્રાદ્ધ વગેરે બાબતો સત્‌પંથ પૂજાવિધિ પ્રમાણે કરવાં. (૧) મહાશિવરાત્રી (૨) હોળી, (૩) રામનવમી, (૪) ગુરુપૂર્ણિમા (૫) ગોકુળ અષ્ટમી (૬) ગણેશચતુર્થી (૭) નવરાત્રી (૮)દિવાળી (૯) મકરસંક્રાંતિ વગેરે તહેવારોની ઉજવણી કરવી.

(ઈ) ઉપાસના : નિત્ય દિનમાં ચતુષ્ટ સંધ્યા કરવી.

(૧) પ્રભાતે - સૂર્યોદય પહેલાં.
(૨) બપોરે - બાર વાગ્યે.
(૩) સાંજે - સૂર્યાસ્ત સમયે.
(૪) મધ્યરાત્રિ - મધ્યરાત્રિએ.

પ્રણવ મંત્રનું ધ્યાન ચિંતન કરવું અને સત્‌પંથના વચનાનુસાર વરુણદેવ વારિયજ્ઞ ઘટપાટ મહા-પૂજા કરવી.

(ઉ) ધ્યેય : આજ કલિયુગના અંતિમ દશમા અવતાર આદ્ય વિષ્ણુ શ્રી નિષ્કલંકી નારાયણ તેમજ આદ્યશક્તિ માતાને તેમજ પ્રણવ મંત્ર "ૐ" ને ધ્યેય પુરુષ માનવા.

• • •

卐 હરિઅંશ વૃક્ષ-ગાયત્રી મંત્ર છે. 卐

આદેશ = હરિ ૐ

ॐ भूर्भुवः स्वः तत्सवितुर्वरेण्यम भर्गो देवस्य धीमहि धियो यो नः प्रचोदयात ॥

ૐ પરમકૃપાળુ પરમાત્માની આજ્ઞાથી આદરું છું.

ૐ નમો શ્રી સદ્ગુરુ પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ આદ્ય વિષ્ણુ નિરંજન નિષ્કલંકી નારાયણ તમારી આશિષે...

પ્રથમ પરમેશ્વરા ॥ પ્રવાદે જલ સાગરા ॥ સેવાને કારણે હેત રચંતે ॥ ધરતી ઉપર પાએ ન દેતવા ॥ સદા સર્વ પ્રલયે ગતમ્ ॥ પ્રથમ નીલ વર્ણ તે ધંધુકાર ॥ ત્યારે સ્વામી તમે આદ્ય નિરંજન નિરાકાર ॥ ત્યાં કવન ચેન પરિવર્તન્તે ? ॥ દિવ્ય દેહી તે આદ્ય પુરુષ નારાયણ ॥ આપ મને આપ ધ્યાન કર્તવ્યમ્ હો સ્વામીજી ॥ તદા નૂર નિર્વાણ આપ હસ્તકે ॥ તદા નિરંજન તે નિરાકાર ॥ ત્યાં નીલ વર્ણ તે ધંધુકાર ॥ ત્યારે નહિ સાદ ॥ નહિ શબ્દ ॥ નહિ ઉનાદ ॥ નહિ ૐ કાર ॥ નહિ ઉત્પત્ત ॥ નહિ રેવત ॥ નહિ રચના ॥ નહિ પવન ॥ નહિ પાણી ॥ નહિ ખાણી ॥ નહિ વાણી ॥ નહિ વેદ ॥ નહિ ભેદ ॥ નહિ જળ ॥ નહિ કમળ ॥ નહિ હમળ ॥ નહિ વમળ ॥ નહિ પર્વત ॥ નહિ પાષાણ ॥ નહિ નદીઓ ॥ નહિ નવાણ ॥ નહિ સમુદ્ર ॥ નહિ સાગર ॥ નહિ ગિરિવર ॥ નહિ કૈલાસ ॥ નહિ મેરુ ॥ નહિ

મેખલા ।। નહિ સ્વર્ગ ।। નહિ નરક ।। નહિ મૃત્યુ ।। નહિ પાતાળ ।। નહિ ધરતી ।। નહિ આકાશ ।। નહિ ચંદ્ર ।। નહિ સૂર્ય ।। નહિ તારા ।। નહિ ધ્રુવ ।। નહિ મેઘ ।। નહિ મંડળ ।। નહિ રેણી ।। નહિ દિવસ ।। નહિ સૂન ।। નહિ પોકાર ।। નહિ જરણ ।। નહિ મરણ ।। નહિ સૃષ્ટિ ।। નહિ સંયોગ ।। નહિ ભાવ ।। નહિ ભયંકાર ।। નહિ રૂપ ।। નહિ રેખા ।। નહિ રાગ ।। નહિ ભાષા ।। નહિ દમ ।। નહિ કદમ ।। નહિ રીત ।। નહિ કરીત ।। નહિ યોગ ।। નહિ યુક્તિ ।। નહિ શક્તિ ।। નહિ ભક્તિ ।। નહિ મોહ ।। નહિ માયા ।। નહિ કામ ।। નહિ કાયા ।। ત્યારે ભાવ ભેદ કંઈ નહોતા ।।

તદા આદ્ય નિરંજને કઈ પેરે સૃષ્ટિ નીપાઈ, હો સ્વામીજી ।। પ્રથમ નીલ વર્ણ ધંધુકાર ।। ધંધુકાર મધ્યે ૐ કાર ।। ૐ કારથી હેત ધરીઆ ।। હેત થકી નીર ઝરીયા ।। નીર થકી ખીર કરીયા ।। ખીર થકી ફીણ ઉપાયા ।। ફીણ માંહેથી ઈંડ નીપાયા ।। ઈંડ થકી રચંતે સર્વ રચના ।। ઈંડ છેદીને ત્રણ ભુવન સર્જ્યા, હો સ્વામીજી ।।

પ્રથમ પાંચ યુગ તો જમીનની જડ બાંધંતાં ।। પાંચ યુગ તો પિયાલ થોભંતાં ।। પાંચ યુગ તો ગઢ મેરુ ઉઠંતાં ।। પાંચ યુગ તો બ્રહ્માંડ જડંતાં ।। આઠ યુગ

તો ગીતા-ગાયત્રી ઓચરંતાં ॥ નવ યુગ તો નીર નવાણ ભરંતાં ॥ બાર યુગ તો રૂઢ માળા ફેરવંતાં ॥ વીસ યુગ તો વિભુ વનસ્પતિ વસંતાં ॥ ત્રણ યુગ તો ત્રિભુવન ત્રિશૂળ ધરંતાં ॥ એક યુગ તો ૐ કાર બોલી ભણંતાં ॥ એવા તોંતેર યુગ તો વહી ગયા સ્વામીજીને અટકળ કરંતાં ॥

તદા અગમ અગોચર સદ્‌ગોર બ્રહ્મા ॥ નર નારાયણ ॥ દેવ મહેશ્વર ॥ એ ત્રણ દેવની જે પૂજા કરે ॥ તેના આવાગમનના ફેરા ટળે ॥

તદા સ્વામીજીએ પહેલા રોપ્યા સત્ય ॥ સત્ય ઉપર દત્ત ॥ દત્ત ઉપર ક્ષમા ॥ ક્ષમા ઉપર ગજા ॥ ગજા ઉપર નીલ ॥ નીલ ઉપર શેષનાગ ॥ શેષનાગના શિર ઉપર ધબલા ધોરી ॥ ધબલા ધોરી ના શીંગ ઉપર એક રાઈ ॥ એટલા ઉપર યત્ન કરી સ્વામીજીએ સૃષ્ટિ નીપાઈ ॥ જે કરણ કલ્પના અવતાર પાત્ર સાંભળો ઋષિવર ભાઈ ॥ જ્યાં થકી સ્વામીજીએ રૂપ ધર્યા ॥ તે રૂપ ઓળખીને આજ કરો કમાઈ ॥

પ્રથમ નામ તો નીલ ॥ અનીલ ॥ સૂન ॥ શાન ॥ નાન ॥ જ્ઞાન ॥ મેયાન ॥ નૂર ॥ તેજ ॥ જળ ॥ કમળ ॥ કદમ ॥ આદ બુંદ ॥ નાદ બુંદ ॥ ગજ તત્ત્વ ॥ પ્રેમ તત્ત્વ ॥ આદ્ય પુરુષ ॥ આદ્ય પુરુષથી ૐ કાર ॥ ૐ કારથી ચારે વેદ પ્રકાશ ॥ આદ્ય પુરુષથી નાભિ ચક્ર ॥ નાભિ ચક્રથી ભયે સદ્‌ગોર

બ્રહ્મા ।। સદ્‌ગોર બ્રહ્માથી સર્વ સૃષ્ટિની ઉત્પત્તિ ।। જે ચાર કલ્પના અવતાર પાત્ર સાંભળો ઋષિવર ભાઈ ।। જયાં થકી ગોર નરે અવતાર લીધા, તે અવતાર ઓળખીને આજ કરો કમાઈ ।।

પ્રથમ નામ તો ૐ કાર ।। ઉનાદ ।। અવિગત્ય ।। અહેદ ।। હવ ।। કવ ।। તત્ત્વ ।। ધર્મ ।। તેજ ।। કેવલિક ।। નાદ ।। ઓત્રા ।। હરિતખ્ત ।। પુરૂરવા ।। અતીતવંશી ।। પ્રેમ ઋષિ ।। અંશ તો શ્રી મત્સ્ય ભગવાન ।।૧।। શ્રી મત્સ્ય ભગવાનના મનાઈત ।। ઉગ્રસેન ।। અજુવંત ।। બ્રેહસ્પત ।। અશોમિત્ર ।। પ્રિકમ ઋષિ ।। અંશ તો શ્રી કૂર્મ ભગવાન ।।૨।। શ્રી કૂર્મ ભગવાનના વસરત ।। દકાઈત ।। કાત્યાયન ।। પરજાઈત ।। દાઢમ ઋષિ ।। અંશ તો શ્રી વરાહ ભગવાન ।।૩।। શ્રી વરાહ ભગવાનના દેહેર ।। રૂપક ।। કેશવ ।। નસખલિપત્ય ।। ગૌતમ ।। અંબરિષ ।। અંશ તો શ્રી નૃસિંહ ભગવાન ।।૪।। શ્રી નૃસિંહ ભગવાનના મુનાયક ।। વંશ વઢણ ।। વીર લોચન ।। કશ્યપ ઋષિ ।। અંશ તો શ્રી વામન ભગવાન ।।૫।। શ્રી વામન ભગવાનના માનધાતા ।। પૃથ્વી જય ।। અસરત ।। જમદગ્નિ ઋષિ ।। અંશ તો શ્રી પરશુરામ ભગવાન ।।૬।। શ્રી પરશુરામ ભગવાનના રઘુ ।। નઘુ ।। યયાતિ ।। કેવલિક ।। અજેપાલ ।। દશરથ ।। અંશ તો શ્રી રામ ભગવાન ।।૭।। શ્રીરામ ભગવાનના લવ ।। પદ્મ ।। પરીક્ષિત ।।

વીરપાલ ॥ વસુદેવ ॥ અંશ તો શ્રી કૃષ્ણ ભગવાન ॥૮॥ શ્રીકૃષ્ણ ભગવાનના પ્રદ્યુમ્ન ॥ સેસ્થાન ॥ બિલસ્થાન ॥ વેણી વત્સરાજ ॥ સિંહરાજ ॥ અંશ તો શ્રી બુદ્ધ ભગવાન ॥૯॥

શ્રી બુદ્ધ ભગવાનથી જે હરિઅંશ આજ કલિયુગમાં ગુપ્ત ચાલ્યો આવે છે, તે જ હરિઅંશમાં કલિયુગને અંતે ધર્મની સ્થાપનાને માટે ॥ આદ્ય વિષ્ણુ ભગવાનનો જે અંતિમ દસમો અવતાર પ્રગટ થશે ॥ તે આદ્ય વિષ્ણુ નિરંજન નિષ્કલંકી નારાયણને ગત્‌ગંગાના કોટિ કોટિ નમસ્કાર ॥

• • •

卐 ઋગ્વેદી-ગાયત્રી મંત્ર છે. 卐

ૐ ૐ ૐ કારમ્ ॥ અનાદિ પુરુષમ્ ॥ ન રૂપમ્ ॥ ન રેખાઃ ॥ નિષ્કલંકઃ ન પાણિઃ ન પાદઃ ॥ અભૂત મંગલમં વર્તતે ॥ બ્રહ્મા ૐ બ્રહ્મોન્નાદઃ ॥ આદ્યરૂપઃ વેદરેખા માત્રઃ ॥ મહાતેજાઃ પરિબ્રહ્મઃ ચતુર્મૂર્તિઃ ॥ ઈશ્વરઃ કૃતવાન્ ॥ વેદઃ ॥ પરિબ્રહ્મઃ ॥ ઋગ્વેદો રક્તવર્ણઃ ॥ વર્ણાદિવિષ્ણુઃ ॥ બ્રહ્મઅંશ પાત્રઃ ॥ અતીવ પરિબ્રહ્મઃ ॥ પરમેશ્વરમ્ પરમ પરમઃ ॥ પરિબ્રહ્મઃ ॥ પ્રજ્વાલયતિ પાતકાન્ ॥ હુતાશનમય તેજો અંશાદિ પાત્રમ્ ॥ વેદઃ પરિબ્રહ્મઃ ॥

• • •

卐 યજુર્વેદી-ગાયત્રી મંત્ર છે. 卐

ॐ ॐ ॐ કારમ્ ।। વેદવાયકે અક્ષરઃ ।। બ્રહ્મવિભૂતિઃ ।। પૂજ્યભૂતાત્ ।। પરિવર્તતે ।। પ્રજ્વાલયતિ પાપકમ્ ।। પરમેશ્વરઃ ।। પરબ્રહ્મઃ ।। રૂપરેખઃ ।। વેદોઅભૂત્ ।। જગતી પરમેશ્વરઃ ।। પરાત્પરમ્ પરમઃ ।। પરિબ્રહ્મઃ ।। અંશાદિઃ પાત્રો ।। અભૂત્ જગતી વેદઃ ।। પરમેશ્વરઃ ।। પરિબ્રહ્મઃ ।। સર્વ પરિબ્રહ્મઃ ।। શબ્દઃ પરમેશ્વરઃ ।। પરિબ્રહ્મઃ ।। યજુર્વેદો જરદ્વર્ણઃ ।। વર્ણાદિવિષ્ણુઃ પરિબ્રહ્મઃ ।।

● ● ●

卐 સામવેદી-ગાયત્રી મંત્ર છે. 卐

ॐ ॐ ॐ કારમ્ ।। કૃષ્ણાદિવર્ણમ્ ।। તદા વેદઃ પરમેશ્વરઃ ।। ઉપજાયમાન ધર્મઃ ।। તદાર્થ પાતકં પ્રજ્વાલ્યતે ।। સર્વ અંશાદિ પાત્રઃ ।। પૂજાગમ્ પરિબ્રહ્મઃ ।। તત્ત્વમ્ મંગલસ્ય મહદગમ્ ।। વર્તતે ।। શબ્દશ્ચવેદશ્ચ પરિબ્રહ્મઃ ।। ॐ શબ્દઃ પરિબ્રહ્મઃ ।। ॐ ચક્ષુઃ પરિબ્રહ્મઃ ।। ॐ ઉન્નાદઃ ।। મહાવેદો અઙ્ગમ્ પરિવર્તતે વિદ્યાઙ્ગમ્ ।। પરમેશ્વરઃ પરિબ્રહ્મઃ ।।

● ● ●

卐 અથર્વવેદી-ગાયત્રી મંત્ર છે. 卐

ૐ ૐ ૐ કારમ્ ।। કલ્યંગકર્તા ।। વિશતિવિશ્વાપાપમ્ ।। વિશ્વાધર્મઃ ।। અરૂદ્ધં પાતકમ્ ।। ધર્મોરિખા માત્રઃ ।। ધર્મ ઈતિ પરિબ્રહ્મઃ ।। અથર્વવેદઃ શ્વેતવર્ણઃ ।। વર્ણાદિવિષ્ણુઃ ।। સવિષ્ણુ નારાયણઃ ।। બ્રહ્માઙ્ગમ્ ।। બ્રહ્મઅંશાદિઃ પાત્રઃ ।। વર્ણાદિ ધર્મો મ્લેચોઅભૂજ્જગતિ ।। ઈચ્છાંગોવિષ્ણુનારાયણઃ ।। અતઃ પરિવક્ષ્યામિ મહાજ્ઞાનભેદમ્ ।। જાંબુદ્વિપે કલાગમ્ પવિત્રં વર્તમાનમ્ ।। મહાકલિયુગ ઉપજાયતો નારાયણઃ ।। તોજોભવિતા અંગકર્તા ।। પ્રજ્વાલયતિ પાતકમ્ ।। અનાદિઃ પુરુષઃ ।। મમ જીવનં ભવતિ ।। આર્યાગમ્ પરિબ્રહ્મઃ ।। ષોડશકલાગમ્ મંગલશ્ચ સત્ત્વાનિ ।। સત્યાત્રાદિ પરમેશ્વરઃ પરિબ્રહ્મઃ ।। અનાદિ પુરુષ વેલાંગમ્ ભવતિ કર્માયિતિ પરિબ્રહ્મઃ ।। સ્થલે સેવાગમ્ નમઃ ।। સર્વ ઈતિ પરિબ્રહ્મઃ ।। પરમેશ્વરઃ પરબ્રહ્મઃ ।।

• • •

卐 મોક્ષ માર્ગની-ગાયત્રી મંત્ર 卐

ૐ ૐ ૐ કારમ્ ॥ ભરતખંડે ઈહઃ વર્તતે ॥ સ્વામીવાસ્તે ગતઃ વર્તતે ॥ પરમ સુખામી દ્વીપે સદ્વીપે ॥ જંબુદ્વીપે ॥ કોટાંગ કોટાંગ જીવનંગ ॥ પરમ મુક્તિમય મિંઘઃ ॥ ઓત્રાંગ દેશંગ કુમારિકા ક્ષેત્રાંગ ॥ મુક્ત ગંગ ॥ સત્ય મુખમ્ ॥ વભૂત નગર ॥ વૈરાટ વામે ॥ ભવેતંગ ॥ મહા સર્સતિ ॥ સાભ્રમતિ પૂર્વ ત્રષ્ટે ॥ નવ સ્થલે ॥ ગુર્મટે ॥ રેવા ઓત્રાંગ ॥ ષોડશ જોજનંગ ॥ પંચ નદી મૂલ સ્થાને ॥ દિશા ઓત્રાંગ ॥ સત્ય રૂપી બ્રહ્મ વાયકે ॥ મહાનારાયણ વચને ॥ કલિયુગ અંતે ॥ બુધ્ધ શાસ્ત્રાંગ ॥ હુરાવરણે ॥ સમાવર્તાંગ ॥ દશાંગ સુરજાંગ ॥ મહા મંગલંગ ॥ કુલપદઃ દેહે ॥ માસે ॥ દિવસે ॥ તિથિ ॥ વારે ॥ નક્ષત્રો ॥ હુરાવરણેઃ સ્થાપનાયે ॥ ભ્રહ્માંડે એ તે ॥ સ્થલે ॥ ઉપજંતે ॥ નિષ્કલંકી નારાયણ પરિબ્રહ્મઃ ॥ આદે ઉપજંતે ॥ પરમ્ પ્રેમ હોતવંગ ॥ ક્ષેત્ર ॥ મહા કલિયુગે કૃતવંગ ॥ નારાયણ નવી સૃષ્ટિ સ્થાપંતે ॥ તદા હોતવંગ સમાત્યંગ ॥ છેલ્લી સંઘે ॥ કલિયુગ અંતે ॥ નિષ્કલંકી નારાયણ ॥ પરિબ્રહ્મઃ ને નમો નમઃ ॥

● ● ●

• શ્રી બ્રહ્માજીની સ્તુતિ •

બ્રહ્માનન્દં પરમસુખદં કેવલં જ્ઞાનમૂર્તિ,
દ્વન્દ્વાતીતં ગગનસદ્દશં તત્ત્વમસ્યાદિલક્ષમ્ ।
એકં નિત્યં વિમલમચલં સર્વધી સાક્ષિભૂતં,
ભાવાતીતં ત્રિગુણરહિતં સદ્‌ગુરું તં નમામિ ॥

• શ્રી મહાદેવ ભગવાનની સ્તુતિ •

વંદે દેવ ઉમાપતિ, સુરગુરુ, વંદે જગત્ કારણમ્ ।
વંદે પન્નગ ભૂષણં મૃગધરં, વંદે પશુનાપતિમ્ ॥
વંદે સૂર્યશશાંક વન્હિનયનં, વંદે મુકુંદપ્રિયમ્ ।
વંદે ભક્ત જનાશ્રયં ચ, વરદં વંદે શિવશંકરમ્ ॥

• શ્રી આદ્ય શક્તિ માતાની સ્તુતિ •

માયા કુંડલિની ક્રિયા મધુમતિ, કાલિકલામાલિની ।
માતંગી વિજયા જયા ભગવતી, દેવી શિવાશામ્ભવી ॥
શક્તિ શંકર વલ્લભા ત્રિનયના, વાગ્ વાહિની ભૈરવી ।
ૐ કારી ત્રિપુરા સુરાસુરમયી, માતા કુમારીશ્વરી ॥
નમો દેવ્યૈ મહાદેવ્યૈ, શિવાયૈ સતતં નમઃ ।
નમઃ પ્રકૃત્યે ભદ્રાયૈ નિયતાઃ, પ્રણતાઃ સ્મતામ્ ॥

સત્પંથ ધર્મ જ્ઞાન : સવાલ - જવાબ

સ. ૧ : 'સત્પંથ' ધર્મની શરૂઆત ક્યારથી થઈ છે ?

જ. ૧ : સૃષ્ટિની ઉત્પત્તિ પૂર્વે જ્યારે કાંઈ જ ન હતું ત્યારથી, એટલે કે આદિકાળથી. પરબ્રહ્મના મૂળ સત્ય સ્વરૂપમાંથી પ્રગટ થયેલ 'સત્ય'ને અનુસરતો માર્ગ એ 'સત્પંથ' ધર્મ છે.

સ. ૨ : સત્પંથ શબ્દનો અર્થ શું છે ?

જ. ૨ : પરમ બ્રહ્મના સત્ય સ્વરૂપને સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે આપેલું નામ સત્. આ સત્‌ને ઓળખવા માટેનો માર્ગ (પંથ) એટલે જ સત્પંથ. આમ સત્પંથ શબ્દનો અર્થ થાય છે કે પરમ બ્રહ્મના સત્ય સ્વરૂપને પામવાનો, ઓળખવાનો માર્ગ એટલે સત્પંથ.

સ. ૩ : પરબ્રહ્મનું નિર્ગુણ નિરાકાર સ્વરૂપ શામાંથી પ્રગટ થયું ?

જ. ૩ : પરબ્રહ્મ પરમાત્માનું નિર્ગુણ નિરાકાર સ્વરૂપ ૐ નિનાદ સ્વરૂપે જ્યોતિમાંથી પ્રગટ થયું.

સ. ૪ : પરબ્રહ્મ પરમાત્માએ નિર્ગુણ નિરાકારમાંથી સગુણ સાકાર સ્વરૂપ શા માટે ધારણ કરવું પડ્યું ?

જ. ૪ : પરબ્રહ્મનું નિર્ગુણ નિરાકાર સ્વરૂપ તો હતું જ પરંતુ ભક્તો (જગત)ને સમજાવવા માટે સગુણ સાકાર સ્વરૂપ ધારણ કરવું પડ્યું.

સ. ૫ : નિર્ગુણ નિરાકાર અને સગુણ સાકાર એ બંને સ્વરૂપ કોના છે ?

જ. ૫ : એક જ નિરંજન નિરાકાર પરબ્રહ્મના એ બંને સ્વરૂપ છે.

સ. ૬ : જ્યોતિમાંથી જે નિર્ગુણ નિરાકાર સ્વરૂપ પ્રગટ થયું તેને કયું સ્વરૂપ કહે છે ?

જ. ૬ : સચ્ચિદાનંદ સ્વરૂપ.

સ. ૭ : પરબ્રહ્મ પરમાત્માએ શું સંકલ્પ કર્યો ?

જ. ૭ : સૃષ્ટિનું નિર્માણ કરવાનો સંકલ્પ કર્યો.

સ. ૮ : જ્યોતિ સ્વરૂપે પરબ્રહ્મ પરમાત્માને શું સંશય થયો ?

જ. ૮ : જ્યોતિ સ્વરૂપે પરબ્રહ્મ પરમાત્માને સંશય થયો કે આ બ્રહ્માંડમાં તો હું એકલો જ છું પરંતુ હું અનેક સ્વરૂપે પ્રગટ થાઉં તો મારા સંકલ્પનું સમાધાન થાય અને સૃષ્ટિનું નિર્માણ કાર્ય થાય.

સ. ૯ : આદિનારાયણ ભગવાને શું સંકલ્પ કર્યો ?

જ. ૯ : એકમાંથી અનેક જીવાત્માઓના સર્જનનો સંકલ્પ આદિનારાયણ ભગવાને કર્યો ?

સ. ૧૦ : આદિનારાયણ ભગવાને સૃષ્ટિની ઉત્પત્તિ માટે કોનું નિર્માણ કર્યું ?

જ. ૧૦ : માયાશક્તિ (આદ્યશક્તિ) નું નિર્માણ કર્યું.

સ. ૧૧ : સૃષ્ટિનું સર્જન શરૂ કરતાં કરતાં કેટલો સમય વીતી ગયો હતો ?

જ. ૧૧ : શ્રી પરમાત્માને સૃષ્ટિનું સર્જન કઈ રીતે કરવું તેની ગોઠવણ કરતાં કરતાં ૭૩ યુગ વીતી ગયા હતા.

સ. ૧૨ : જ્યોતિનું મહત્ત્વ સમજાવો ?

જ. ૧૨ : સત્ એ પરમ બ્રહ્મ પ્રકાશિત છે. તે સર્વત્ર છે. ત્યાં સૂર્ય, ચંદ્ર કે તારાઓ નથી. એ પરમ તેજ જ્યોતિ સ્વરૂપ છે. જ્યોતિ એ જ પરબ્રહ્મ છે, પરમ સુખ છે, પરમ શાંતિ છે, પરમ પદ છે, તે બ્રહ્મ તેજનું તેજ અને જ્યોતિની પણ જ્યોતિ છે. તેથી આપણે પરમ બ્રહ્મને જ્યોતિના પ્રતિક રૂપે માનીએ છીએ અને તે જ્યોતિને અખંડ રાખીએ છીએ.

સ. ૧૩ : "ૐ" ની સમજ આપો ?

જ. ૧૩ : "ૐ" એ અતિ સૂક્ષ્મ, શક્તિશાળી અને પ્રભાવિત મંત્ર છે. જેના ઉચ્ચારણથી મનુષ્ય અમર્યાદિત વૈભવની પ્રાપ્તિ કરી શકે છે. "ૐ" ના ઉચ્ચારણથી આપણા શરીરમાં રહેલાં સાત ચક્રો નાદમય થાય છે. શરીરના દરેકે દરેક મણકા સ્પંદાયમાન થાય છે અને શરીરમાં દિવ્ય શક્તિ પ્રગટ થઈ શારીરિક પીડા તથા વિકૃતિ નષ્ટ થઈ જાય છે અને શરીર આનંદમય થઈ જાય છે, મન ઈશ્વર દર્શન તથા આત્મદર્શન માટે તત્પર બને છે. "ૐ" ના

સ્મરણથી સંપૂર્ણ રીતે પૂર્ણતા થાય છે. "ૐ" એ પ્રણવમંત્ર છે.

સ. ૧૪ : "ૐ" મંત્ર સ્મરણથી શરીરને શું ફાયદો થાય છે ?

જ. ૧૪ : અલગ અલગ વ્યંજનના ઉચ્ચારથી આપણા શરીરની કરોડરજ્જુના અલગ અલગ મણકા સ્પંદાયમાન થાય છે. પરંતુ "ૐ" બીજમંત્રના સ્મરણ તથા ઉચ્ચારણથી કરોડના સર્વે મણકા સ્પંદયુક્ત તથા કંપાયમાન થાય છે અને આખા શરીરમાં દિવ્ય શક્તિ અને ચૈતન્ય પ્રાપ્ત થાય છે જેનાથી શરીરની બધી જ વિકૃતિ નષ્ટ થઈ શરીર પુલકીત અને શક્તિશાળી થાય છે.

સ. ૧૫ : શ્રી આદ્ય નારાયણ મહાપ્રભુએ ચાર દેવોને પોતાના શરીરના કયા કયા સ્થળેથી ઉત્પન્ન કર્યા ?

જ. ૧૫ : (૧) મસ્તકથી - શ્રી મહાદેવ.
(૨) હૈયેથી - શ્રી વિષ્ણુ.
(૩) નાભીથી - શ્રી બ્રહ્મા.
(૪) જાંઘથી - શ્રી શક્તિદેવી.

સ. ૧૬ : શ્રી વિષ્ણુ ભગવાનને શ્રી વિષ્ણુનારાયણ ભગવાન કેમ કહેવાય છે ?

જ. ૧૬ : શ્રી આદિનારાયણ ભગવાનની કળા શ્રી વિષ્ણુ ભગવાનમાં આવવાથી તેમને શ્રી વિષ્ણુનારાયણ ભગવાન કહેવાય છે.

સ. ૧૭ : ધરતી પર કયા ભગવાન મુખ્ય અવતાર લેવા માટે આવે છે ?

જ. ૧૭ : શ્રી આદ્યનારાયણના અંશ રૂપી શ્રી વિષ્ણુ ભગવાન અવતાર ધારણ કરે છે.

સ. ૧૮ : સૃષ્ટિની રચનામાં પ્રકાશ લાવવા માટે બ્રહ્માજીએ કોની સ્તુતિ (ઉપાસના) કરી હતી ?

જ. ૧૮ : પ્રકાશ વગર સમસ્ત સૃષ્ટિની રચના કરવી અર્થ વગરનું હતું તેથી શ્રી બ્રહ્માજીએ સમસ્ત સૃષ્ટિમાં પ્રકાશ લાવવા માટે "પરબ્રહ્મ પરમાત્માની સ્તુતિ કરી જેથી સમસ્ત સૃષ્ટિમાં તેજોમય દિવ્ય પ્રકાશ થયો."

સ. ૧૯ : શ્રી બ્રહ્માજીએ શ્રી નિરંજન નિરાકાર નિર્ગુણ પરમાત્માની સ્તુતિ કેવી રીતે કરી ?

જ. ૧૯ : શ્રી બ્રહ્માજીએ નીચે મુજબના મહાવાક્યો દ્વારા શ્રી પરમાત્માની સ્તુતિ કરી.

પ્રજ્ઞાનમાનન્દં બ્રહ્મ	- બુદ્ધિમાં જ્ઞાન રૂપી આનંદ આવે એટલે એ જ બ્રહ્મ.
અહં બ્રહ્માસ્મિ	- હું બ્રહ્મ છું.
તત્ત્વમસિ	- તે બ્રહ્મ તું છે.
અયઆત્મા બ્રહ્મ	- આત્મા એ જ બ્રહ્મ છે.

સ. ૨૦ : વેદની ઉત્પત્તિ ક્યાંથી થયેલી છે ?

જ. ૨૦ : વેદ એ સ્વયં પરબ્રહ્મ દ્વારા શ્રી બ્રહ્મદેવની મુખારવિંદની વાણી સ્વરૂપે પ્રગટ થયેલ છે.

સ. ૨૧ : કુલ વેદ કેટલા છે ? કયા કયા ?

જ. ૨૧ : ચાર - ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ.

સ. ૨૨ : પરમાત્માના મહાવાક્યથી સ્તુતિ કરતાં કરતાં કેવા પ્રકારનો પ્રકાશ પ્રાપ્ત થયો ? અને તેનાથી કયા વેદ ઉત્પન્ન થયા ?

જ. ૨૨ : પ્રજ્ઞાનમાનન્દં બ્રહ્મ - રાતા કલરનું અજવાળું થયું (ઋગુપણું) - ઋગ્વેદ પ્રાગટ્ય.

અહં બ્રહ્માસ્મિ - રાતાશમાં પીળાશ મળે તેવું અજવાળું પ્રાપ્ત થયું (યજુરતા) - યજુર્વેદ પ્રાગટ્ય.

તત્ત્વમસિ - પીળાશમાં શામતા ભળી અને એ પીળાશ કરતાં થોડો વધારે પ્રકાશ મળ્યો (શામતા) - સામવદ પ્રાગટ્ય.

અયઆત્મા બ્રહ્મ - પૂર્ણ પ્રકાશ પ્રસરી અજવાળું થયું, જેથી સફેદ પ્રકાશ જોવાવા લાગ્યો. (સૂર્યના તેજ રૂપી) - અથર્વવેદ પ્રાગટ્ય.

આ પ્રમાણેના મહાવાક્યો દ્વારા શ્રી બ્રહ્માજીએ શ્રી પરમાત્માની સ્તુતિ કરી અને પૂર્ણ પ્રકાશ મેળવ્યો.

સ. ૨૩ : ચાર વેદોની ઉત્પત્તિ વખતે પ્રકાશ (અજવાળું) થતાં જે ચાર રંગ ઉત્પન્ન થયા છે તે ચાર રંગ આજે પણ કયા સમયે જોવા મળે છે ?

જ. ૨૩ : ચાર વેદો ક્રમાનુસાર ઉત્પન્ન થયા, ઉત્પત્તિના આ સમય દરમ્યાન જે ચાર રંગ ઉત્પન્ન થયા તે આજે પણ વહેલી સવારે સૂર્યોદય થતી વખતે જોવા મળે છે અને તે મહા પ્રલય સુધી આ જ રીતે જોવા મળશે.

સ. ૨૪ : યુગ કેટલા છે ? કયા કયા ?

જ. ૨૪ : ચાર - સત્યયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ, કલિયુગ.

સ. ૨૫ : કયા યુગમાં કયા સદ્‌ગુરુ થયા છે ?

જ. ૨૫ :

સત્યયુગ	-	શ્રી અમરતેજ
ત્રેતાયુગ	-	શ્રી વસિષ્ઠઋષિ
દ્વાપરયુગ	-	શ્રી વેદ વ્યાસઋષિ
કલિયુગ	-	શ્રી ઈમામશાહ મહારાજ

સ. ૨૬ : કર્તાયુગમાં કયા વેદનું મહત્ત્વ હતું ? અને લોકો કેવા પ્રકારની ઘટ-પાટ વારિયજ્ઞ મહાપૂજા વિધિ કરતા હતા ?

જ. ૨૬ : કર્તાયુગમાં ઋગ્વેદનું મહત્ત્વ હતું. તે વખતે ઋગ્વેદને આધારે શ્રી મત્સ્ય ભગવાન, શ્રી કૂર્મ ભગવાન, શ્રી વરાહ ભગવાન અને શ્રી નરસિંહ ભગવાનની પરિક્રમા કરી જેમણે પૂજ્યા સોનાના કુંભ-કળશ, ઘટ અને પાટ તેમની સોહેલી થઈ હતી અમરાપરની વાટ.

સ. ૨૭ : ત્રેતાયુગમાં કયા વેદનું મહત્ત્વ હતું ? અને લોકો કેવા પ્રકારની ઘટ-પાટ વારિયજ્ઞ પૂજા વિધિ કરતા હતા ?

જ. ૨૭ : ત્રેતાયુગમાં યજુર્વેદનું મહત્ત્વ હતું. તે વખતે યજુર્વેદને આધારે શ્રી વામન ભગવાન, શ્રી પરશુરામ ભગવાન, શ્રી રામ ભગવાનની પરિક્રમા કરી જેમણે પૂજ્યા રૂપાના કુંભ-કળશ, ઘટ અને પાટ તેમની સોહેલી થઈ હતી અમરાપરની વાટ.

સ. ૨૮ : દ્વાપરયુગમાં કયા વેદનું મહત્ત્વ હતું ? અને લોકો કેવા પ્રકારની ઘટ-પાટ વારિયજ્ઞ પૂજા વિધિ કરતા હતા ?

જ. ૨૮ : દ્વાપરયુગમાં સામવેદનું મહત્ત્વ હતું. તે વખતે સામવેદને આધારે શ્રી કૃષ્ણ ભગવાન, શ્રી બુદ્ધ ભગવાનની પરિક્રમા કરી જેમણે પૂજ્યા તાંબાના કુંભ-કળશ, ઘટ અને પાટ તેમની સોહેલી થઈ હતી અમરાપરની વાટ.

સ. ૨૯ : કલિયુગમાં કયા વેદનું મહત્ત્વ છે ? અને લોકો કેવા પ્રકારની ઘટ-પાટ વારિયજ્ઞ પૂજા વિધિ કરે છે ?

જ. ૨૯ : આજે કલિયુગમાં અથર્વવેદનું મહત્ત્વ છે. આજ અથર્વવેદને આધારે શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનની પરિક્રમા કરી જે પૂજશે માટીના કુંભ-કળશ, ઘટ અને પાટ તેમની સોહેલી થશે અમરાપરની વાટ.

સ. ૩૦ : કલ્પ એટલે શું ?

જ. ૩૦ : સત્યયુગ (કર્તાયુગ), ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કલિયુગ આ ચારેય યુગના એક મહાયુગને "કલ્પ" કહેવામાં આવે છે.

સ. ૩૧ : કલ્પ કેટલા છે અને તેનાં નામ શું છે ?

જ. ૩૧ : કલ્પ ચાર છે. દશરાયણ કલ્પ, દેવગુણ કલ્પ, લીલવગુણ કલ્પ અને શ્વેતવેરા કલ્પ.

સ. ૩૨ : ચાર ખાણનાં નામ જણાવો ?

જ. ૩૨ : (૧) સ્વેદજ ખાણ (૨) ઈંડજ ખાણ
(૩) ઉદ્‌બીજ ખાણ (૪) જરાજ ખાણ

સ. ૩૩ : ચાર ખાણમાં ચોર્યાસી લાખ જીવોની ગોઠવણ કેવી રીતે કરવામાં આવી હતી ?

જ. ૩૩ : ચાર ખાણમાં ચોર્યાસી લાખ જીવોની ગોઠવણ નીચે મુજબ કરવામાં આવી.

(૧) સ્વદેજ ખાણ - સહેજમાં જન્મ મરણ (કીટક, પતંગીયાં) - ૨૧ લાખ અવતાર.

(૨) ઈંડજ ખાણ - જે જીવ ઈંડામાંથી જન્મ લે છે તે જીવ (જીવજંતુ) - ૨૧ લાખ અવતાર.

(૩) ઉદ્‌બીજ ખાણ - બીજમાંથી ઉત્પન્ન થતા જીવ

(વનસ્પતિ વગેરે) - ૨૧ લાખ અવતાર.

(૪) જરાજ ખાણ - જરાયુજ (ઓળ)માં વિંટાયેલા જીવ - ૨૧ લાખ અવતાર.

સ. ૩૪ : મનુષ્યના ચોર્યાશી અવતાર ચાર યુગ પ્રમાણે કરી રીતે વહેંચાયેલા છે ?

જ. ૩૪ : કર્તાયુગમાં - ૩૫
ત્રેતાયુગમાં - ૨૫
દ્વાપરયુગમાં - ૧૬
કલિયુગમાં - ૮

સ. ૩૫ : આવાગમનના ફેરા એટલે શું ?

જ. ૩૫ : આવાગમનના ફેરા એટલે લક્ષ ચોરાસીના ફેરા. જેમાં ચોરાશી લાખ વખત અલગ અલગ યોનીમાંથી અવતાર લેવાના અને મૃત્યુ પામવાનું જેને આવાગમનના ફેરા કહેવામાં આવે છે.

સ. ૩૬ : અથર્વવેદને શ્રેષ્ઠ શા માટે કહેવામાં આવે છે ?

જ. ૩૬ : પરમ પ્રકાશિત (દેવતાઓ) ઋષિઓએ પોતાના નેત્રમાંથી ઋગ્વેદ અને યજુર્વેદ નિર્માણ કર્યા. જીભના અગ્ર ભાગમાંથી સામવેદ અને લલાટમાંથી અથર્વવેદ પ્રગટ કર્યા. અથર્વવેદનો યોગ તે યજ્ઞ પુરુષનું મસ્તક

છે. આથી તે યોગ શ્રેષ્ઠ અને મહત્ત્વનો છે. ઋગ્વેદનો ભાગ તેનું ગળુ અને ભૂજા વચ્ચેનું અંગ છે. સામવેદથી યજ્ઞ પુરુષનું હૃદય અને પાછલો ભાગ નિર્માણ થયેલો છે. આ પછી બાકી રહેલો ભાગ યજુર્વેદનો છે તે દ્વારા યજ્ઞ પુરુષનું પેટ એ ઉપરનો ભાગ, કટિ પ્રદેશ, જંઘા અને ચરણ વગેરે શેષ શરીરની કલ્પના કરવામાં આવી છે. તે દિવ્ય રૂપ અને માયા યુક્ત પુરુષ અમર અવિનાશી તુરીયા પદેથી પ્રગટ થયેલ છે. આથી યજ્ઞ પુરુષનું મસ્તક જેનાથી બન્યું છે અને જેમાં વિશિષ્ટ પ્રકારનો ધ્યાનયોગ અને જ્ઞાન યોગ કહેલો છે. ...તે આ અથર્વવેદ છે.

સ. ૩૭ : અથર્વવેદનો અર્થ શું થાય છે ?

જ. ૩૭ : અ - નિશ્ચળ, થર્વ - ચંચળતા.

આમ નિશ્ચળ ચંચળતા એવો અર્થ થાય છે. જેમ જીવાત્માની ઈંદ્રિઓ ચંચળ હોય છે, તેનાથી પણ મન અતિ ચંચળ હોય છે, આ ચંચલ મનને નિશ્ચળ બનાવવાની અને હૃદયમાં આત્માની શોધ લેવાની વિદ્યા જેમાં કહી છે તે જ અથર્વવેદ

સ. ૩૮ : કલિયુગનો મુખ્યવેદ કયો છે ?

જ. ૩૮ : કલિયુગનો મુખ્યવેદ અથર્વવેદ છે.

સ. ૩૯ : અથર્વવેદના રચયિતા કોણ હતા ?

જ. ૩૯ : અથર્વવેદના રચયિતા અથર્વઋષિ હતા.

સ. ૪૦ : અથર્વઋષિએ કયા મંત્ર વડે ધ્યાન ધરવાનું કહ્યું ?

જ. ૪૦ : અથર્વઋષિએ "અયમાત્મા બ્રહ્મ" મંત્ર વડે ધ્યાન ધરવાનું કહ્યું છે.

સ. ૪૧ : કયા યુગમાં કઈ તિથિનું મહત્ત્વ છે ?

જ. ૪૧ :
સત્યયુગ - રવિવારી એકાદશી.
ત્રેતાયુગ - મંગળવારી ચૌદસ.
દ્વાપરયુગ - સોમવતી અમાસ.
કલિયુગ - શુક્રવારી સુદ બીજ (ચંદ્ર દર્શન).

સ. ૪૨ : સાત દિવસમાં વાર પ્રમાણે શું શું સર્જન કરવામાં આવ્યું ?

જ. ૪૨ :
રવિવાર : ચાર દિશા, ચૌદ ભવન.
સોમવાર : સાત સાયર, નવસો નવ્વાણું નદીઓ.
મંગળવાર : અષ્ટ કુળ પર્વત, નવ કુળ નાગ, ચોસઠ લાખ દેવીઓ.
બુધવાર : નવ્વાણું કરોડ ઝાંખા, છપ્પન કરોડ મેઘા, બત્રીસ કરોડ કિન્નર, તેત્રીસ કરોડ દેવતા.
ગુરુવાર : સદ્‌ગુરુનું સર્જન કર્યું.
શુક્રવાર : ચાર ખાણ, ચાર વાણ, ચોરાસી લાખ જીવજંતુ (જીવાત્મા).
શનિવાર : ધરતી અને આસમાન

સ. ૪૩ : કલિયુગમાં દાનનું મહત્ત્વ શું છે ?

જ. ૪૩ : કલિયુગ સિવાયના બીજા યુગોમાં હજારો વર્ષ સુધી તપ કર્યા પછી થોડું ફળ મળતું હતું, જ્યારે કલિયુગમાં થોડા સમય માટે ભગવાનનું નામ સ્મરણ કરવામાં આવે તો હજાર ઘણું ફળ મળે છે અને કોઈ પણ દાન આપવામાં આવે તો તેનું સવા લાખ ઘણું ફળ મળે છે.

સ. ૪૪ : કલિયુગની શરૂઆત ક્યારે થઈ છે ?

જ. ૪૪ : વૈશાખ માસના બુધવારની અમાસના દિવસે કલિયુગનું મંડાણ મંડાયું છે અને વૈશાખ માસના શુક્રવારની બીજના દિવસથી કલિયુગની શરૂઆત થઈ છે, તેથી શુક્રવારને બીજના દિવસનું ચંદ્રદર્શન શ્રેષ્ઠ માનવામાં આવે છે.

સ. ૪૫ : જીવાત્માનું અંતિમ ધ્યેય (લક્ષ) કયું છે ?

જ. ૪૫ : જીવાત્માનું અંતિમ ધ્યેય (લક્ષ) 'સત્' છે. 'સત્' મોક્ષ સ્વરૂપ છે.

સ. ૪૬ : જીવાત્માનું નિયંત્રણ કરવા માટે કોનું નિર્માણ કર્યું ?

જ. ૪૬ : શ્રી બ્રહ્મા-વિષ્ણુ-મહેશ્વર આ ત્રણ દેવતાનું નિર્માણ જીવાત્માનું નિયંત્રણ કરવા માટે કરાયું છે.

સ. ૪૭ : શ્રી બ્રહ્મા-વિષ્ણુ-મહેશ્વર આ ત્રણ દેવતામાં કયા ગુણ સમાયેલા છે ?

જ. ૪૭ : શ્રી બ્રહ્મા-રજોગુણ, શ્રી વિષ્ણુ - સત્ત્વગુણ, શ્રી મહેશ - તામસગુણ

સ. ૪૮ : સત્ત્વગુણી મનુષ્યો જગતમાંથી શું પામે છે ?

જ. ૪૮ : સત્ત્વગુણી મનુષ્યો નિષ્કામ ભક્તિ દ્વારા ઈશ્વરના સ્વરૂપને પામે છે.

સ. ૪૯ : રજોગુણી મનુષ્યો જગતમાંથી શું પામે છે ?

જ. ૪૯ : રજોગુણી મનુષ્યો બ્રહ્માજીની એક રાત્રિની સમયાવધી સુધી વાસનામય શરીરમાં રહે છે.

સ. ૫૦ : તમોગુણી મનુષ્યો જગતમાંથી શું પામે છે ?

જ. ૫૦ : તમોગુણી મનુષ્યો નર્કની સજા ભોગવે છે.

સ. ૫૧ : સર્વ જીવયોનિમાં કઈ યોનિમાં જન્મ દુર્લભ છે ?

જ. ૫૧ : સર્વ જીવયોનિમાંથી મનુષ્યયોનિમાં જન્મ સર્વોત્તમ છે. જે દુર્લભ છે.

સ. ૫૨ : કયા પ્રકારની ભક્તિ સહેલામાં સહેલી છે ?

જ. ૫૨ : ઈશ્વર (પ્રભુ) પ્રત્યે પ્રેમ હોવો જોઈએ જેનું નામ ભક્તિ (ભક્તિ સૂત્રમાં જણાવ્યા મુજબ) એવું જણાવવામાં આવ્યું છે. સર્વ પ્રકારની ભક્તિમાં નામ સ્મરણ એ સૌથી સહેલામાં સહેલી ભક્તિ છે, કારણકે ખાતાં, પીતાં, હરતાં, ફરતાં, કામ કરતાં વગેરે દરેક સમયમાં પ્રભુ સ્મરણ સહેલાઈથી થઈ શકે છે.

સ. ૫૩ : પ્રભુની પ્રાપ્તિ માટેની પ્રાથમિક જરૂરિયાત કઈ છે ?

જ. ૫૩ : પ્રભુ પ્રાપ્તિ માટે સૌ પ્રથમ શ્રદ્ધા હોવી જોઈએ. કારણ કે શ્રદ્ધાથી સત્સંગ અને સત્સંગથી સત્‌કર્મ, સત્‌કર્મથી

અનુભવ, અનુભવથી જ્ઞાન પ્રાપ્ત થાય છે અને જ્ઞાનથી સાક્ષાત્કાર થાય છે. આમ જ્ઞાન થવાથી બ્રહ્મ એ જ સત્ય છે, તેનું જ્ઞાન થાય છે.

સ. ૫૪ : અજંપા જાપ એટલે શું ?

જ. ૫૪ : ગુરુ તરફથી મળેલા મંત્રનું પ્રેમ ભક્તિથી મોટી બૂમો કે જાહેર કર્યા વગર પોતાની પ્રત્યેક શ્વાસોશ્વાસની ક્રિયા સાથે મનમાં રટણ કરતા રહેવું તેને અજંપા જાપ કહેવામાં આવે છે. તેને લીધે ઈશ્વરનાં દર્શન થાય છે.

સ. ૫૫ : કેટલા જાપ કરવાથી શું ફળ મળે છે ?

જ. ૫૫ :

એક કરોડ જાપ કરવાથી	- આરોગ્ય સુધરી જાય છે.
બે કરોડ જાપ કરવાથી	- નાદ, વીણા, શંખ, વાંસળી શરીરમાં વાગે છે, તે સંભળાય છે.
ત્રણ કરોડ જાપ કરવાથી	- ભૌતિક સુખની પ્રાપ્તિ થાય છે.
ચાર કરોડ જાપ કરવાથી	- આધ્યાત્મિક સુખની પ્રાપ્તિ થાય છે.
પાંચ કરોડ જાપ કરવાથી	- પરાવાણી (નાભીથી બોલાય તે)નું જ્ઞાન થાય છે.

છ કરોડ જાપ કરવાથી - જગત આખું ગમમય દેખાવા લાગે છે.

સાત કરોડ જાપ કરવાથી - વાણી સિદ્ધિ આવે છે (આશીર્વાદ ફળે છે)

આઠ કરોડ જાપ કરવાથી - મૃત્યુ સુધરી જાય છે.

નવ કરોડ જાપ કરવાથી - આત્મજ્યોતિની ઝાંખી થાય છે.

દસ કરોડ જાપ કરવાથી - ક્રિયામાણ કર્મો બળીને ભસ્મ થઈ જાય છે.

અગિયાર કરોડ જાપ કરવાથી - સંચિત કર્મો બળીને ભસ્મ થઈ જાય છે.

બાર કરોડ જાપ કરવાથી - પ્રારબ્ધ કર્મો બળીને ભસ્મ થઈ જાય છે.

તેર કરોડ જાપ કરવાથી - આત્મજ્યોતિનાં દર્શન થાય છે. (આત્મ સાક્ષાત્કાર થાય છે.)

સ. ૫૬ : વાણીના પ્રકાર કેટલા છે ? અને કયા પ્રકારની વાણી વડે જાપ, માળા કરવાથી કેવું ફળ મળે છે ?

જ. ૫૬ : વૈખરી વાણી - મોઢેથી બોલાય, તેની ૧૦ માળા કરીએ તો - ૧ માળાનું ફળ મળે છે.

મધ્યમા વાણી - કંઠ અને મોં ની વચ્ચેથી બોલાય, તેની ૧૦ માળા કરીએ તો - ૫ માળાનું ફળ મળે છે.

પશ્યંતી વાણી - હૃદયથી બોલાય, તેની ૧૦ માળા કરીએ તો - ૨૦ માળાનું ફળ મળે છે.

પરાવાણી - નાભીથી બોલાય, તેની ૧ માળા કરીએ તો - ૧૦૮ માળાનું ફળ મળે છે.

સ. ૫૭ : સત્‌પંથ ધર્મ પ્રમાણે કયું વ્રત કરવું જોઈએ ?

જ. ૫૭ : સત્‌પંથ ધર્મ પ્રમાણે યુગ ધર્મ મુજબ દરેક મહિનાની સુદ બીજનું વ્રત કરવું, તેમજ થાવર બીજનું મહાવ્રત કરવું. તેમજ દશાંશ સુક્રિત, પુણ્યતિથિ, શ્રાદ્ધ, ઉત્તરકાર્ય, પિંડ શ્રાદ્ધ વગેરે બાબતો સત્‌પંથ પૂજાવિધિ પ્રમાણે કરવાં. (૧) મહાશિવરાત્રી (૨) હોળી (૩) રામનવમી (૪) ગુરુપૂર્ણિમા (૫) ગોકુળ અષ્ટમી (૬) ગણેશ ચતુર્થી (૭) નવરાત્રી (૮) દિવાળી (૯) મકરસંક્રાતિ વગેરે તહેવારોની ઉજવણી કરવી.

સ. ૫૮ : શ્રી સનાતન સત્‌પંથ ધર્મ પ્રમાણે એક વખત કરેલ દાનનું કેટલા ગણું પુણ્ય મળે છે ?

જ. ૫૮ : શ્રી સનાતન સત્‌પંથ ધર્મ પ્રમાણે કળિયુગમાં માનવીએ એક ગણું દાન કરેલ હોય તેનું સવા લાખ ગણું પુણ્ય મળે છે.

સ. ૫૯ : વારિયજ્ઞ (ઘટપાટ મહાપૂજા) એટલે શું ?

જ. ૫૯ : વારિ એટલે જળ (પાણી), માટીના ઘટ (કળશ)માં જળ ભરીને તેને આસન (પાટ) ઉપર રાખી અથર્વવેદ આધારીત મંત્રોના ઉચ્ચારણ કરી પૂજન-અર્ચન દ્વારા સૃષ્ટિના સર્વે દેવોને પ્રસન્ન કરવા માટે જે વિધિ કરાય છે તેને વારિયજ્ઞ (ઘટપાટ મહાપૂજા) કહેવામાં આવે છે.

સ. ૬૦ : સત્‌પંથ ઘટ-પાટ વારિયજ્ઞ મહાપૂજામાં કઈ કઈ ભક્તિનો સમાવેશ કરવામાં આવે છે ?

જ. ૬૦ : સત્‌પંથ ઘટ-પાટ વારિયજ્ઞ મહાપૂજામાં નવધા ભક્તિનો મહિમા બતાવવામાં આવ્યો છે.

(૧) શ્રવણ ભક્તિ - કથા કીર્તન વગેરે એકાગ્રતાથી શ્રવણ કરવાં.

(૨) કીર્તન ભક્તિ - ઈશ્વરનાં ગુણગાન ગાવાં.

(૩) સ્મરણ ભક્તિ - ઈશ્વરનું નિરંતર સ્મરણ કરવું (નામ-જાપ).

(૪) પાદ સેવન ભક્તિ - ઈશ્વરના ચરણાર્વિદની સેવામાં હંમેશાં તત્પર રહેવું.

(૫) અર્ચન ભક્તિ - ઈશ્વરની હંમેશાં પૂજા કરવી.

(૬) વંદન ભક્તિ - ઈશ્વરને હંમેશાં નમસ્કાર કરવા.

(૭) દાસત્વ ભક્તિ - ઈશ્વરનો દાસ છું, તેવો ભાવ હૃદયમાં ધારણ કરી સેવા કરવી.

(૮) સખા ભક્તિ - ઈશ્વરને મિત્ર ભાવે ભજવા.

(૯) નિવેદન ભક્તિ - ઈશ્વરના સ્વરૂપમાં લીન થઈ જવું.

સ. ૬૧ : સત્પંથ ઘટ-પાટ વારિયજ્ઞ મહાપૂજા રાત્રીના સમયે કેમ કરવામાં આવે છે ?

જ. ૬૧ : પ્રભુ ભક્તિ માટે તન, મનને સ્થિર રાખવું ખૂબ જ જરૂરી છે. કોઈપણ કાર્યનો આરંભ કરતાં પહેલાં તેમાં મન બરોબર પરોવાઈ જાય તો સમજો કે તે અડધું કામ આપો આપ સફળ થઈ જાય છે. આમ વારિયજ્ઞ મહાપૂજા વિધિ કરવા માટે તેમજ મનને એકચિત્ત (સ્થિર) કરવા માટે એકાંત, શાંત વાતાવરણની જરૂર પડે છે એટલે કે રાત્રે પૂર્ણ શાંતિ હોય છે. જેથી મન એકચિત્ત (સ્થિર) કરવામાં ખૂબ જ સહેલાઈ થઈ જાય છે તેથી ઘટ-પાટ વારિયજ્ઞ મહાપૂજા રાત્રીના સમયે

થાય છે. તે સિવાય પવિત્ર સ્થળે કોઈપણ સમયે વારિયજ્ઞ પૂજા થઈ શકે છે.

સ. ૬૨ : વારિયજ્ઞ મહાપૂજામાં જ્યોતિને વિશેષ મહત્ત્વ કેમ આપવામાં આવ્યું છે ?

જ. ૬૨ : વારિયજ્ઞ મહાપૂજા વિધિના સમયે ઘટપાટની સ્થાપના કરી ચોખ્ખા ઘીની ત્રણ દિવેટ વાળી જયોતિ પ્રગટાવવામાં આવે છે. આ ત્રણ દિવેટવાળી જયોતિ રજોગુણ, સત્ત્વગુણ અને તમોગુણ આ ત્રણે ગુણોના અનુક્રમે શ્રી બ્રહ્મા, શ્રી વિષ્ણુ, શ્રી મહેશ દેવતાના પ્રતિક રૂપ છે. ગુરુ મંત્ર શ્વાસોશ્વાસની સાથે મનમાં બોલી આ ત્રિદેવ જયોતિ એક સાથે જોવી, જેથી ત્રણે જયોતિ એકરૂપ થઈ ત્રણને બદલે એક જ પૂર્ણ પરમ બ્રહ્મ સ્વરૂપે જોવા મળે છે, તેનું જ દર્શન થાય છે.

સ. ૬૩ : પૂજા વખતે જે આસન રાખવામાં આવે છે તેના પર કોણ બિરાજમાન થશે ?

જ. ૬૩ : પૂજા વખતે જે આસન મૂકવામાં આવે છે તેના પર શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાન દસમા અવતાર તરીકે આવશે અને આ આસન પર બિરાજમાન થશે અને ભક્તોની મનોકામના પૂર્ણ કરશે.

સ. ૬૪ : શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનના આસનની બાજુમાં મોટી જ્યોત કોના સ્વરૂપે પ્રગટાવવામાં આવે છે ?

જ. ૬૪ : આદ્યશક્તિ દેવીના સ્વરૂપે તે મોટી જ્યોત પ્રગટાવવામાં આવે છે.

સ. ૬૫ : ઘટપાટ વારિયજ્ઞ મહાપૂજા વખતે કયા કયા દેવોનું આહ્‌વાન કરવામાં આવે છે ?

જ. ૬૫ : ઘટપાટ વારિયજ્ઞ મહાપૂજા વખતે તેત્રીસ કરોડ દેવતાઓનું કળશમાં ક્રમઃસર આહ્‌વાન કરવામાં આવે છે.

સ. ૬૬ : વારિયજ્ઞ મહાપૂજામાં કયો પ્રસાદ કોના માટે બનાવવામાં આવે છે ?

જ. ૬૬ : વારિયજ્ઞ મહાપૂજામાં સામાન્ય રીતે પાંચ પ્રસાદ બનાવવામાં આવે છે. જેમાંથી કુલ ચાર દેવો માટે નીચે પ્રમાણેના ચાર પ્રસાદ હોય છે.

(૧) શ્રી વિષ્ણુનારાયણ માટે - લાપશી
(૨) શ્રી બ્રહ્મા માટે - શીરો
(૩) શ્રી મહેશ્વર માટે - ખીર, રોટલી
(૪) શ્રી આદ્યશક્તિ માટે - ચૂરમુ
(૫) પાંચમો કોઈ પણ એક પ્રસાદ (જેમાં ભાત હોવો જરૂરી છે) તે સર્વે દેવો માટે હોય છે. આમ ઉપર પ્રમાણેના પાંચ પ્રસાદની અગત્યતા વારિયજ્ઞ મહાપૂજામાં છે.

સ. ૬૭ : ગત્-ગંગા કોને કહેવામાં આવે છે ?

જ. ૬૭ : વારિયજ્ઞ દરમ્યાન ગાદી પર બિરાજમાન મુખી મહારાજ સમક્ષ, તન-મનથી પવિત્ર થયેલ યજ્ઞમાં ધર્મલાભ લેવા ઉત્સુક લોકસમૂહ જે એક ચિત્તે ઉપસ્થિત થાય છે તે લોકસમૂહને ગત્-ગંગા કહેવામાં આવે છે.

સ. ૬૮ : વારિયજ્ઞ મહાપૂજા સમયે ગત્ગંગાએ (ભક્તોએ) ક્યારે પોતાના આસન પર બેસવું ?

જ. ૬૮ : વારિયજ્ઞ મહાપૂજા સમયે ગત્ગંગાએ (ભક્તોએ) કળશ ઉપર અક્ષતરૂપી બ્રહ્મદેવનું આહ્વાન કર્યા પછી (અક્ષત તારાવ્યા પછી) પોતાના આસન પર બેસવું.

સ. ૬૯ : વારિયજ્ઞ મહાપૂજા વખતે કોની આરતી બોલવામાં આવે છે ?

જ. ૬૯ : વારિયજ્ઞ મહાપૂજા વખતે અલખધણીની આરતી બોલવામાં આવે છે.

સ. ૭૦ : દશે દિશાઓના દેવોનું પૂજન શાનાથી કરવામાં આવે છે ?

જ. ૭૦ : દશે દિશાઓના દેવોનું પૂજન ચંદન પુષ્પથી કરવામાં આવે છે.

સ. ૭૧ : વારિયજ્ઞ મહાપૂજામાં કઈ રીતે જવું જોઈએ ?

જ. ૭૧ : વારિયજ્ઞ મહાપૂજામાં આવનાર દરેક વ્યક્તિએ નિર્મળ થઈને આવવું. સ્નાન કરી, શરીર સ્વચ્છ કરી, સફેદ વસ્ત્રો પહેરી, અહંકાર વગેરે જેવા ભાવનો ત્યાગ કરી, હૃદયને પવિત્ર કરીને વારિયજ્ઞ મહાપૂજામાં આવવું જોઈએ.

સ. ૭૨ : સફેદ વસ્ત્રો પહેરવાનું મહત્ત્વ શું છે ?

જ. ૭૨ : સત્‌પંથ ધર્મ અથર્વવેદ મુજબ ચાલે છે અને અથર્વવેદનો રંગ સફેદ હોવાથી સત્‌પંથી ભક્તોએ સફેદ રંગનાં વસ્ત્રો ધારણ કરવાં જોઈએ. સફેદ વસ્ત્ર શાંતિનું પ્રતિક છે.

સ. ૭૩ : ગુરુ અને સદ્‌ગુરુમાં શું ફરક છે ?

જ. ૭૩ : ગુરુ તો અનેક હોય છે પરંતુ સદ્‌ગુરુ દરેક યુગમાં એક જ હોય છે. ગુરુ વૈકુંઠમાં જવાનો માર્ગ બતાવે છે જ્યારે સદ્‌ગુરુ પરમબ્રહ્મમાં લીન થવાનો માર્ગ બતાવે છે. મોક્ષ-મુક્તિ મેળવવાનો માર્ગ બતાવે છે. સદ્‌ગુરુને યુગગુરુ અથવા તો સૃષ્ટિગુરુ પણ કહેવામાં આવે છે.

સ. ૭૪ : વેદ શાસ્ત્રમાં સદ્‌ગુરુની કેટલી કળા બતાવી છે ?

જ. ૭૪ : વેદ શાસ્ત્રમાં સદ્‌ગુરુની બાર કળાઓ બતાવવામાં આવે છે, જે નીચે પ્રમાણે છે.

(૧) જે પૂર્ણ ચંદ્ર પ્રમાણે નિર્મળ હોય.
(૨) જે સૂર્ય પ્રમાણે તેજસ્વી હોય.
(૩) જે અગમ્ય રૂપ બતાવનાર હોય.
(૪) અગમ નિગમ જાણનાર હોય.
(૫) જેમના પગ ઉપર પદ્મ હોય.
(૬) જેમના જમણા પગના અંગૂઠામાં તીર્થ જેટલો મહિમા હોય.

(૭) જેમની આંખમાં ઊંઘ હોતી નથી જે જગતને એકરૂપ જુએ છે.

(૮) જેમના પગ જમીનને અડકતા નથી એટલે કે જેમની ગતિ મનની ગતિ પ્રમાણે ચાલે છે.

(૯) જે સત્ત્વ, રજસ, તમસ ગુણોથી પર હોય અને જેમની આંખો અત્યંત તેજસ્વી હોય.

(૧૦) જે પોતાના મુખમાં ચૌદ ભુવન બતાવે છે, એટલે કે ચૌદ ભુવન અને અખિલ બ્રહ્માંડની માહિતી આપે છે. તેમને જન્મતાં જ ચાર વેદનું જ્ઞાન હોય છે.

(૧૧) જેમની શક્તિ દેવ અને દાનવો કરતાં પણ વધારે હોય છે.

(૧૨) જે જીતેન્દ્રીય હોઈ બધાની મનોકામના પૂર્ણ કરે છે.

સ. ૭૫ : સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ કોણ છે ?

જ. ૭૫ : વર્તમાન યુગ (કલિયુગ)ના સ્વામીને ભજવા માટે ભાવ, ભક્તિ, પૂજન, પ્રાર્થના કરવાનો સાચો રસ્તો 'સત્‌પંથ' બતાવનાર સદ્‌ગુરુશ્રી છે, યુગ ગુરુ છે.

સ. ૭૬ : સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજનો જન્મ ક્યાં અને ક્યારે થયો હતો ?

જ. ૭૬ : ઈ.સ. ૧૪૪૦માં પંજાબ દેશના ઉંચ મૂલસ્થાન ગામમાં બ્રહ્મકુળમાં સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજનો જન્મ થયો હતો.

સ. ૭૭ : સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજને જન્મથી જ કેવું જ્ઞાન પ્રાપ્ત હતું ?

જ. ૭૭ : સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજને જન્મથી જ સંપૂર્ણ બ્રહ્મજ્ઞાન અને આત્મજ્ઞાન હતું.

સ. ૭૮ : સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ ગુજરાત ક્યારે અને શા માટે આવ્યા ?

જ. ૭૮ : સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ ઈ.સ. ૧૪૪૮થી બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપવા માટે પોતાના શિષ્ય હાજરવીર સાથે રથ જેવી બળદગાડીમાં ગુજરાત સહિત ચોવીસે મુલકમાં ફર્યા હતા.

સ. ૭૯ : સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ ગુજરાતમાં આવ્યા ત્યારે તેમની ઉંમર કેટલી હતી ?

જ. ૭૯ : બાર (૧૨) વર્ષની ઉંમર હતી.

સ. ૮૦ : સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે પ્રેરણાપીઠ-પીરાણામાં ગુરુદ્વારાની સ્થાપના ક્યારે કરી ?

જ. ૮૦ : સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે સં. ૧૫૨૪માં પ્રેરણાપીઠ-પીરાણામાં ગુરુદ્વારાની સ્થાપના કરી.

સ. ૮૧ : સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના સમાધિ મંદિર પ્રેરણાપીઠ પીરાણામાં જે ધ્વજ સ્તંભ (નિશાન) છે તે કેટલા ફૂટ ઊંચો છે ?

જ. ૮૧ : ૧૦૮ ફૂટ ઊંચો ધ્વજ સ્તંભ (નિશાન) છે.

સ. ૮૨ : સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજનું સમાધિ મંદિર પ્રેરણાપીઠ પીરાણામાં આવેલું છે તે કેટલામા ટેકરા ઉપર છે ?

જ. ૮૨ : નવમા ટેકરા ઉપર છે.

સ. ૮૩ : સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે કેટલા મુખીની સ્થાપના કરી હતી ?

જ. ૮૩ : સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ લેખિત "મૂળબંધ" પ્રમાણે તેમણે બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપતાં અને સત્‌પંથ ધર્મનો પ્રચાર કરતાં કરતાં ચોવીસે મુલકમાં ફરીને સવા લાખ મુખીઓની સ્થાપના કરી હતી.

સ. ૮૪ : સત્‌પંથ સંપ્રદાયનાં આશરે કેટલાં મંદિરો અને પૂજા સ્થાનો છે ?

જ. ૮૪ : સત્‌પંથ સંપ્રદાયના આશરે ૬૦૦ થી પણ વધારે મંદિરો અને પૂજા સ્થાનો છે. જ્યાં રોજ નિયમિત રીતે પૂજા, આરતી, ભજન, સત્સંગ વગેરે થાય છે.

સ. ૮૫ : ૐ શ્રી નિષ્કલંકી નારાયણ જ્યોતિમંદિરમાં કયા દેવોનું પૂજન કેવી રીતે થાય છે ?

જ. ૮૫ : ૐ શ્રી નિષ્કલંકી નારાયણ જ્યોતિમંદિરમાં આદ્યશક્તિ માતાજીની અખંડ જ્યોતિ અને કુંભ-કળશ વારિયજ્ઞ

મહાપૂજા સમયે બ્રહ્મા-વિષ્ણુ-મહેશની ત્રિજ્યોત (ત્રણ દીવા જ્યોત એક સાથે) પ્રગટાવવામાં આવે છે, તે એક સ્વરૂપે પ્રકાશિત હોય છે. સાથે તેત્રીસ કરોડી દેવી દેવોનું પૂજન થાય છે.

સ. ૮૬ : 'મૂળબંધ' ગ્રંથમાં કયું જ્ઞાન સમજાવેલું છે ?

જ. ૮૬ : સૃષ્ટિ નિર્માણ અને જીવાત્માના સ્વરૂપનું જ્ઞાન સમજાવેલું છે.

સ. ૮૭ : 'મૂળબંધ' ગ્રંથ કોનો હસ્તલિખિત ગ્રંથ છે ?

જ. ૮૭ : સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના મુખાર્વિંદથી પ્રગટ થયેલ દિવ્ય વાણીને પ્રેરણાપીઠના પ્રથમ ગાદીપતિ સંતશ્રી શાણાકાકા મહારાજે સ્વહસ્તે 'મૂળબંધ' સ્વરૂપે લિખિત કરેલ છે.

સ. ૮૮ : 'શિક્ષાપત્રી'માં કેટલા નિયમો દર્શાવ્યા છે ?

જ. ૮૮ : સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે 'શિક્ષાપત્રી'ના ૧૦૦ નિયમો બતાવ્યા છે. સંતો મહંતોના જણાવ્યાનુસાર ૧૦૦ નિયમો પૈકી જીવન સફળ બનાવવા માટે ચાલીસ નિયમ ચુસ્તપણે પાળીએ તો આ જન્મ સફળ થઈ જશે !

સ. ૮૯ : 'શિક્ષાપત્રી'માં કયું જ્ઞાન સમજાવેલું છે ?

જ. ૮૯ : સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે શિક્ષાપત્રી દ્વારા મનુષ્યના કલ્યાણ હેતુ સત્‌પંથ ધર્મના નિયમોની આચાર સંહિતાનું જ્ઞાન દર્શાવ્યું છે.

સ. ૯૦ : કયા મંત્રમાં અખિલ બ્રહ્માંડ સહિત સમસ્ત સૃષ્ટિને નમસ્કાર કરવામાં આવે છે ?

જ. ૯૦ : સર્વદેવ ઋષિવરને નમસ્કાર કરવાના મંત્રમાં.

સ. ૯૧ : સર્વદેવ ઋષિવરને નમસ્કારના મંત્રમાં કોને નમસ્કાર કરવામાં આવે છે ?

જ. ૯૧ : અખિલ બ્રહ્માંડના સર્વ દેવી-દેવતા સહિત સર્વ સૃષ્ટિમાં જે કાંઈ રહેલું છે તે સર્વેને નમસ્કાર કરવામાં આવે છે.

સ. ૯૨ : મંદિરે જતાં પહેલાં કંઈ બાબતોનું ધ્યાન રાખવું ?

જ. ૯૨ : સવાર-સાંજ દેવ-દર્શને જતાં પહેલાં, શક્ય હોય તો સ્નાન કરવું અથવા હાથ-પગ-મોં ધોવાં, સ્વચ્છ પવિત્ર વસ્ત્રો પહેરવાં, (સફેદ વસ્ત્રો તથા માથે ટોપી અને ખભે ખેસ તે દેવદર્શને જવાનો ગણવેશ છે). સંજોગોવશાત્ ગણવેશ ન હોય તો પણ દેવદર્શને જઈ શકાય છે. મંદિરે જતાં પોતાના શરીરની મર્યાદા જળવાય તેવાં વસ્ત્રો પહેરવાં જોઈએ.

સ. ૯૩ : સ્થૂલ દેહ (શરીર) કયા પાંચ મહાભૂતોને બનેલો છે તે વિસ્તારથી સમજાવો ?

જ. ૯૩ : આકાશ, વાયુ, તેજ, પાણી અને પૃથ્વી આ પાંચ મહાભૂતો મળીને સ્થૂલ દેહ થયો છે. આપણા શરીરમાં જેટલો કઠિન ભાગ છે તે પૃથ્વીનો છે, રસ રૂપ જેટલો

ભાગ છે તે જળનો છે, જેટલો ઉષ્ણ ભાગ છે તે તેજનો છે, ચાલવું-હાલવું તે વાયુથી થાય છે માટે તે ક્રિયા માત્ર વાયુનો ભાગ છે અને શરીરમાં જે પોલાણનો ભાગ છે તે આકાશનો સમજવો.

સ. ૯૪ : યોગનાં કેટલાં પગથિયાં છે ? અને તેમનાં નામ શું છે ?

જ. ૯૪ : યોગનાં આઠ પગથિયાં છે અને તેમનાં નામ
(૧) યમ (૨) નિયમ (૩) આસન
(૪) પ્રાણાયામ (૫) પ્રત્યાહાર (૬) ધારણા
(૭) ધ્યાન (૮) સમાધિ છે, જેને અષ્ટાંગ યોગ કહેવામાં આવે છે.

સ. ૯૫ : શરીરમાં રહેલાં સાત ચક્રોનાં નામ જણાવો ?

જ. ૯૫ : શરીરમાં રહેલાં ચક્રોને આપણી ભાષાના ૩૩ વ્યંજનોના ઉચ્ચાર દ્વારા કરોડરજ્જુના દરેક મણકાને અસર થાય છે. એ તે દરેક વ્યંજનને સાત વિભાગમાં વહેંચેલું છે.
(૧) સહસ્રા ચક્ર (૨) આજ્ઞાચક્ર (૩) વિશુદ્ધિચક્ર
(૪) અનાહતચક્ર (૫) મણીપુર ચક્ર
(૬) સ્વાધિસ્થાન ચક્ર (૭) મૂલાધાર ચક્ર (બ્રહ્મગ્રંથી)

સ. ૯૬ : સાત દ્વિપનાં નામ જણાવો ?

જ. ૯૬ : જમીનના એવા ભાગ કે જેની ત્રણે બાજુએ પાણી હોય તેવા - (૧) કુશદ્વિપ (૨) લક્ષદ્વિપ
(૩) શાલ્મલદ્વિપ (૪) કૌંચદ્વિપ

(૫) શાકદ્વિપ (૬) પુષ્કરદ્વિપ
(૭) જંબુદ્વિપ

સ. ૯૭ : પૃથ્વીના નવખંડનાં નામ જણાવો ?

જ. ૯૭ : (૧) એરાખંડ (૨) બ્રહ્મખંડ (૩) રૂદ્રખંડ
(૪) ઈંડખંડ (૫) ભરતખંડ (૬) હિરતખંડ
(૭) એલાસખંડ (૮) સોમખંડ (૯) કમલાખંડ

સ. ૯૮ : ચૌદલોક-ચૌદભુવનનાં નામ જણાવો ?

જ. ૯૮ : (૧) પાતાળ (૨) રસાતળ (૩) મહાતળ
(૪) તલાતલ (૫) સુતલ (૬) વિતલ
(૭) અતલ (૮) સૂર્યભવન (૯) ચંદ્રભવન
(૧૦) તારામંડળભવન (૧૧) ધ્રુવભવન
(૧૨) રૂદ્રભવન (૧૩) અમરાપુરભવન
(૧૪) ઈન્દ્રભવન.

સ. ૯૯ : નવ નાથનાં નામ જણાવો ?

જ. ૯૯ : યોગવિદ્યામાં પૂર્ણ એવા નવ નાથનાં નામ આ પ્રમાણે છે.
(૧) ભૈરવનાથ (૨) મત્સ્યંદરનાથ (૩) ગોરક્ષનાથ
(૪) અડબંગનાથ (૫) ધોરમનાથ
(૬) કાનીફાનાથ (૭) ભીમનાથ
(૮) મીનનાથ (૯) જાલંધરનાથ.

સ. ૧૦૦ : દસ દિગ્પાળના નામ જણાવો ?

જ. ૧૦૦ : દસે દિશાઓનું રક્ષણ કરનાર દેવતા એટલે દસ દિગ્પાળ. જેઓનાં નામ આ પ્રમાણે છે.
(૧) ઈંદ્ર (૨) યમ (૩) વરુણ (૪) કુબેર (૫) ઈશાન (૬) વાયુ (૭) અગ્નિ (૮) નૈઋતિ (૯) પૃથ્વીદેવી (૧૦) આકાશ.

• • •

• શ્રી નારાયણ સ્તવન •

ૐ તત્સત્ શ્રી નારાયણ તું, પુરુષોત્તમ ગુરુ તું,
સિદ્ધ બુદ્ધ તું, સ્કંધ વિનાયક સવિતા પાવક તું,
બ્રહ્મ મજદ્ તું, યહ્વ શક્તિ તું, ઈશુ પિતા પ્રભુ તું,
રુદ્ર વિષ્ણુ તું, રામકૃષ્ણ તું, રહીમતાઓ તું,
વાસુદેવ તું, વિશ્વરૂપ તું, ચિદાનંદ હરિ તું,
અદ્વિતીય તું, અકાલ નિર્ભય, આત્મલિંગ શિવ તું,
ૐ... તત્સત્ શ્રી નારાયણ તું, પુરુષોત્તમ ગુરુ તું.

• • •

• પ્રતિજ્ઞાપત્ર •

૧. હું દરરોજ સવારે વહેલો ઉઠીશ.

૨. દરરોજ સવારની ક્રિયાઓ પૂરી કર્યા પછી જ ચા-દૂધ લઈશ.

૩. સવાર-સાંજ મંદિરમાં દર્શનાર્થે જઈશ અને ચંદન તિલક કરીશ.

૪. દરરોજ અમર મંત્રની ઓછામાં ઓછી .... માળા કરીશ.

૫. દરરોજ માતા-પિતાને નમસ્કાર કરીશ.

૬. હંમેશાં વડીલોને તથા અતિથિઓને આદર આપીશ.

૭. હંમેશાં સત્ય બોલીશ.

૮. ક્યારેય ચોરી કરીશ નહીં.

૯. કોઈપણ પ્રકારનું વ્યસન કરીશ નહીં.

૧૦. જીવમાત્ર ઉપર દયા ભાવ રાખીશ.

૧૧. હંમેશાં આજ્ઞાંકિત બનીશ.

વિજ્ઞપ્તિ :

મુરબ્બી વાલીશ્રી આપનાં પુત્ર/પુત્રીએ ઉપર મુજબની પ્રતિજ્ઞાઓનું પાલન કરવાનું સ્વીકાર્યું છે. તેમ છતાંય જો ક્યાંય શરતચુક થતી હોય તો તેને મદદ કરશો.

શ્રી સત્પંથ બાલ-બાલિકા સુસંસ્કાર શિક્ષણ શિબિર આયોજન સમિતિ

પ્રેરણાપીઠ, પો. પીરાણા, તા. દસક્રોઈ, જી. અમદાવાદ-૩૮૨૪૨૫



સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ



પ.પૂ. આદ્ય જગદ્ગુરુ સત્પંથાચાર્ય
શ્રી કરશનદાસજી મહારાજ



પ.પૂ. જગદ્ગુરુ સત્પંથાચાર્ય
શ્રી નાનકદાસજી મહારાજ

સુ-સંજ્ઞાઓ

ઓમકાર	-	પરમવંદનીય હૈ
શ્રી ઈમામશાહ મહારાજની વાણી	-	અમર રહો
ફૂલો સે ભી પ્યારા હૈ	-	સત્‌પંથ હમારા હૈ
શ્રી સત્‌પંથ ધર્મ	-	અખંડ રહો
અખંડ જ્યોતિ	-	જલતી રહો
સફેદ ધજા	-	સદા લહેરાતી રહો
આત્મા આત્મા મેં નારા હૈ	-	નિષ્કલંકી નારાયણ હમારા હૈ
સત્‌પંથીજનો	-	સદા વ્યસનમુક્ત રહો
સૂર્ય નારાયણને	-	નિત્ય નમસ્કાર કરીએ
એકતાની ઝંખના	-	અતૂટ રાખીએ
સત્‌પંથીજનો	-	નિડર રહો
સવાર સાંજ સત્‌પંથીજનો	-	મંદિરમાં આવતા રહો
સત્‌પંથી સત્‌પંથી	-	ભાઈ-ભાઈ
સંસ્કારી સમાજનું	-	ઘડતર કરો
કરશનદાસજી મહારાજ	-	અમર રહો
વ્યશન મનુષ્ય કા	-	દુશ્મન હૈ
માતા-પિતા કા	-	આદર કરો
સાધુ-સંતો કા	-	જય જયકાર હો
ઋષિ મુનિઓ કા	-	જય જયકાર હો
ભારત માતા કો	-	સમર્પિત બનો
ગૌ માતા કી	-	રક્ષા કરો
સત્‌કર્મ કો	-	આગે બઢાઓ
દુષ્કર્મ સે	-	દૂર રહો
ધર્મ કા	-	જય હો
અધર્મ કા	-	નાશ હો

શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાન કી જય
શ્રી સદ્‌ગુરુ ઈમામશાહ મહારાજ કી જય
શ્રી સત્‌પંથ સનાતન ધર્મ કી જય
શ્રી જગદ્‌ગુરુ નાનકદાસજી મહારાજ કી જય
અપના અપના ગુરુ મહારાજ કી જય